સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

વીટામીન ખાઇ ખાઇને શરીર ફૂલી ગયું છે,
ને પટેલું બોલવામાં જ સ્વાતંત્ર્ય ઉલી ગયું છે,
ખૂલી ગયું પાંજરૂં પણ ઉડતાં ફાવશે નહીં -
પાંજરે પુરાયેલું પંખી ઉડવું ભૂલી ગયું છે
(સીબીઆઇ - સ્વાયત્ત?!)

હાઈકુ

ખૂદ જાય ના -
ગાંડી ને દે સલાહ,
લોકશાહીના..
(FFII પરિષદમાં કથા)

જવું શિખરે,
પગે છે વજનીયાં
એન્કૌંટરનાં..
(FIR ગાજે છે)

ચિંતન

ય પઠતિ લિખતિ પશ્યતિ પરિપૃચ્છતિ પઙ્ડિતાનુ પાશ્રયતિ ।
તસ્ય દિવાકર કિરણૈર્નલિની દલમિવ વિકાસતે બુદ્ધિઃ ॥

'જે માણસ વાંચે છે, લખે છે, અવલોકન-નિરીક્ષણ કરે છે, વિચારે-ચિંતન કરે છે, પ્રશ્નો પછી પોતાના મન-શંકાનું સમાધાન કરે છે અને વિદ્વાનોના આશ્રયે-તેમના સત્સંગમાં રહે છે તેમની બુદ્ધિ સૂર્યના કિરણો દ્વારા જેમ કમળ વિકાસ પામે છે તેમ - બૌદ્ધિક વિકાસ થાય છે.'

વાચન-ચિંતન અને મનનથી બૌદ્ધિક વિકાસ થાય, પુસ્તકો એ વિદ્વાન-અનુભવીઓનું નવનીત છે પુસ્તકો વાંચવાથી જ મધમાખીએ એકત્ર કરેલું મધ જેમ આપોઆપ સંગ્રહના જથ્થામાં મળી જાય તેમ એ એમના વાચન-ચિંતનનો અર્ક જ છે.

ઘણીવાર પ્રાકૃતિક સૌંદર્ય, ગ્રહો, આકાશ, વનસ્પતિ-પશુપંખીની ટેવોનું નિરીક્ષણ કરવાથી પણ ઘણું બધું પ્રાપ્ત થાય છે.

રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ગીર્દી-ભય-આફતમાં લોક સમુદાયનું 'નિરીક્ષણ' કરવાથી પણ માનવ સમાજ અને મૂલ્યોનો સારો ખજાનો મળે છે હાલમાં કેદારનાથ અને ચારધામમાં સેનાની સેવા અને સાધુઓનાં પરાક્રમ લોકો-વેપારીઓની માનવતાનું સારૂં એવું અવલોકન થઇ ગયું.

સંત-સજ્જન-વિદ્વાનોની સંગત અને તેમના આચરણના અવલોકન માત્રથી ઘણું બધું 'જ્ઞાન' મળે છે.

સુવિચાર

- જ્ઞાન અને સત્તાની સાથે સાથે નમ્રતા અને વિનય પણ વધવા જોઇએ - **ફ્રાઇર વાહેસ**
- પામ્યા નથી જેઓ કશુ તેઓ કદી ખોઇ ન શકે, જે કદી હરાવ્યા નથી તેઓ કદી રોઇ ન શકે, પારકાની પરખ કેવી રીતે કરે જેઓ પોતાની જ પીઠને જોઇ ના શકે - **ઉમાશંકર જોષી**
- મા-બાપની સંતાનને ત્રણ સર્વોત્તમ ભેટ, પ્રાણ એ પ્રથમ ભેટ, અવિરત સ્નેહ એ બીજી ભેટ, સાચી સમજણ એ ત્રીજી ભેટ - **ટોલ્સટોય**
- આનંદ, સુખ અને સેવા એ એવા અત્તર છે, કે જે બીજા પર જેટલા છાંટશો એટલી સુવાસ ભીંતરમાં ફેલાશે - **મોરારી બાપુ**
- જેનું 'ભજન' સુંદર તેનું 'ભોજન' નિરસ હશે. અને એનું 'ભોજન' સુંદર તેનું ભજન નિરસ હશે - **તમિલ કહેવત**
- પ્રભુ મેળવવા ઘર છોડવાની જરૂર નથી, આસક્તિઓ છોડવાની જરૂર છે, આત્મદર્શન માટે મંદિરે જવાની જરૂર નથી, ધ્યાન આવશ્યક છે - **એસ. ભટ્ટાચાર્ય**

બોધ કથા

સંસારનો ત્યાગ કરી સાધુ થઇ જનારા સાધુજીવનમાં પણ મોહ-માયા વશ થઇ નવો સંસાર ઊભો કરી લેતા હોય છે અને સાધુજીવનની નવી મોહ-માયામાં લપેટાઇ-નવો સંસાર માડે છે. આ બધા 'માયા'ના ખેલ છે.

એક વેપારીને યુવાવસ્થામાં જ મોટી ખોટ થઇ ગૃહત્યાગ કરી વનમાં નગ્નાવસ્થામાં તપ કરવા લાગ્યો. નદીનું પાણી પી લે અને ફળફુલ ખાઇ જીવન ટકાવતો હતો બાકી આખો દિવસ ધ્યાન-જપમાં એક વડ નીચે જ રહેતો.

એક ભરવાડ પોતાની ગાયો ચરાવતો ત્યાંથી નીકળે મહાત્માના દર્શન કરતો. એક દિવસ દૂધનો લોટો ત્યાં મૂકી દીધો. બીજા દિવસે લોટો ખાલી હતો. પછી ભરવાડનો આ ક્રમ થઇ ગયો. એક દિવસ ભરવાડ સંજોગવસાત ન ગયો. બીજે મહાત્માએ સામેથી દૂધ માગ્યું. ભરવાડ ખૂશ થઇ તરત દૂધ-રોટલો લઇ આવ્યો. મહાત્માએ રોટલામાં 'અમૃત'નો સ્વાદ આવ્યો. હવે તો રોટલો-દૂધનો પણ ક્રમ થઇ ગયો.

એક દિવસ ભરવાડ કેટલાક માણસો અને સાધન-સામગ્રી સાથે આવ્યો. એક સુંદર ઝૂંપડી ઊભી થઇ ગઇ. હવે તો ગામમાં પણ મહાત્મા ના તપ-ચમત્કારની વાતો ફેલાઇ-લોકો દર્શને આવવા લાગ્યા... આશ્રમ ધબકવા લાગ્યો.

એક રાત્રે મહાત્માને 'દૂધ-રોટલો' સ્વપ્નમાં આવ્યાં. બંને કંઇક સંવાદ બોલી મહાત્માની મશ્કરી કરતાં હતા..

.. અને સંત જાગી ગયો. બધું છોડી રાતોરાત બીજા વનની શોધમાં નીકળી ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

અભિનેતા, દિગ્દર્શક, નિર્માતાઓ કે પ્રેક્ષકો 'ઘનચક્કર' કોણ? પ્રેક્ષકો તો નહીં જ...

ફિલ્મની લંબાઇ ૨ કલાક ને ૧૬ મિનિટ હોય, પરંતુ ૨ કલાકને ૬ મિનિટ સુધી પ્રસ્તાવના અને પૂર્વભૂમિકા જ ચાલ્યા કરે અને છેલ્લી ૧૦ મિનિટમાં જ કંઇક વાત આગળ ચાલે અને ફિલ્મ પુરી થઇ જાય તો એવી ફિલ્મને શું કહેવું? ઘનચક્કર... બીજું વળી શું કહેવાનું...!!!

''ધી ડર્ટી પિક્ચર'' જેવી સફળતા પછી વિદ્યા બાલન અને ઇમરાન હાશ્મીની મિસ મેચ જોડીને વિદ્યા બાલનના જ પતિદેવ સિદ્ધાર્થ રોય કપૂરે રોની સ્ક્રુવાલા સાથે મળીને યુટીવી મોશન પિક્ચર્સના બેનર હેઠળ 'ઘનચક્કર' માં રિપીટ કરી છે. વિદ્યા બાલનના અભિનયને 'કહાની' અને 'પરિણિતા' જેવી ફિલ્મોમાં નિખાર મળ્યો તેનો શ્રેય તેના દિગ્દર્શકો અને એ ફિલ્મોની વાર્તાને પણ મળવો જોઇએ. કારણ કે વિદ્યા બાલન સાથે રાની મુખર્જી જેવી સેલેબલ હિરોઇનને લઇ ને જેણે 'નો વન કીલ્ડ જેસિકા' જેવી ક્રિટીકલી વખણાયેલી ફિલ્મ બનાવી હતી, એ દિગ્દર્શક રાજકુમાર ગુપ્તાની ફિલ્મ 'ઘનચક્કર' માં વિદ્યા બાલન જેવી પ્રતિભાશાળી અભિનેત્રીના ફુગ્ગામાંથી પણ હવા નિકળી ગઇ છે. ઇમરાન હાશ્મી પાસે તો હતું શું કે ગુમાવાનો ડર... એટલે કહેવાનું તાત્પર્ય એ જ કે પ્રેક્ષકો ઘનચક્કર છે એવો નિર્માતાઓ અને દિગ્દર્શકોનો ભ્રમ ભાંગી જશે.

'ઘનચક્કર' જેવી વાર્તાનો પ્લોટ એવો છે કે, ગુનાખોરી દ્વારા પૈસા ભેગા કરી લીધા પછી ઇમરાન હાશ્મી અને વિદ્યા બાલન સમૃદ્ધિથી દિવસો વિતાવે છે. ઇમરાન હાશ્મીનું ફેવરીટ કામ આખો દિવસ ટીવી જોવાનું અને વિદ્યા બાલનનું વિમેન્સ મેગેઝીન્સ વાંચી - વાંચીને લેટેસ્ટ ફેશન્સના વસ્ત્રોમાં સજ્જ થઇને હંમેશા ઓછા મીઠાવાળી વાનગીઓ રાંધ્યા કરવાનું. છતાં ઘનચક્કર ઇમરાન હાશ્મી કરતાં નિતુ ભાભી - વિદ્યા બાલન માથાભારે અને મજબૂત છે. એવામાં પંડિત - રાજેશ શર્મા અને તેનો જોડીદાર ઇદ્રીશ - નમિત દાસ બેન્કમાંથી રૂા. ૩૫ કરોડ લૂંટવાની ઓફર ઇમરાન હાશ્મી પત્નીની પરવાનગી લઇને તેની ઇચ્છા અનુસાર છેલ્લો ગુનો કરવા તૈયાર થાય છે, બેન્ક લૂટે પણ છે પણ પછી તેની યાદદાસ્ત ચાલી જાય છે... વાસ્તવિક જિંદગીમાં યાદદાસ્ત જતી રહેવાની ઘટના નથી જોઇ તેનાથી કયાંય વધારે ઘટનાઓ હિન્દી ફિલ્મોમાં બને છે...!!! યાદદાસ્ત જતી રહેવી; એ ઘટના જાણે ફિલ્મ નિર્માતાઓની ફેવરીટ બિમારી છે. ફિલ્મ નિર્માતાઓ માને છે કે, બધા જ પ્રેક્ષકોની પણ યાદદાસ્ત વારંવાર જતી રહે છે અને એટલે જ આવી ઘનચક્કર ફિલ્મો બનાવે છે...!!!

	1	2	3	4	5	6	7	8	9	10
સ્ક્રીપ્ટ										
ટેકનિક										
મ્યુઝિક										
અભિનય										
દિગ્દર્શન										
રેટિંગ	★	½	☆	☆	☆	☆				

એટલે આમ ઇમરાન હાશ્મીની યાદદાસ્ત જતી રહે છે. તે લૂંટના રૂા. ૩૫ કરોડ કયાં મુક્યા છે તે ભૂલી જાય છે અને આખી ફિલ્મમાં બે ગુંડાઓ, પત્ની વિદ્યા ભાભી અને પ્રેક્ષકો... બધા જ ચકરાવે ચઢ્યા છે કે ખરેખર કોણ કોને ઘનચક્કર સમજે છે... છેલ્લે વાર્તાના અંતે ખબર પડે છે કે દિગ્દર્શક રાજકુમાર ગુપ્તા અને નિર્માતાઓએ પ્રેક્ષકોને જ ઘનચક્કર બનાવ્યા છે..!!!

'પરિણિતા' જેવી ફિલ્મથી કારકિર્દીની શરૂઆત કરનાર વિદ્યા બાલને 'ઇશ્કિયાં', 'કહાની' અને 'ધી ડર્ટી પિક્ચર'થી એક પ્રતિભાશાળી અભિનેત્રી તરીકેની પોતાની ઇમેજ ઊભી કરી હતી. ફિલ્મોમાં માત્ર 'ખાન' કે 'કપૂર' જ ચાલે એવી વાયકાને વિદ્યા બાલને તોડી પાડી છે; એમ ફિલ્મ વિવેચકો માનવા અને કહેવા લાગ્યા હતા... પરંતુ 'ઘનચક્કર' વિદ્યા બાલનની પ્રતિભામાં પંક્ચર પાડશે. વિદ્યાબાલનની અત્યાર સુધીની કારકિર્દીની સૌથી ખરાબ ભૂમિકા એટલે 'ઘનચક્કર.' બે-ચાર વન લાઇનર ડાયલોગ્સ સિવાય વિદ્યા બાલનના ભાગે જોકરવેડા વધુ આવ્યા છે.

ઇમરાન હાશ્મીએ અભિનય કરવાની જરૂર જ પડી નથી. ઇમરાન હાશ્મી આમ પણ કોઇ ફિલ્મમાં અભિનય કરતો પણ નથી. આમાં તો તેણે 'ઘનચક્કર' જ દેખાવાનું છે, એટલે અભિનય કરવાની આવશ્યકતા જ પડી નથી. પંડિતની ભૂમિકામાં રાજેશ શર્મા થોડો આનંદ આપે છે તો ઇદ્રિશના પાત્રને વધુ પડતું લાઉડ અને થોડું વલ્ગર બનાવીને દિગ્દર્શકે નમિત દાસને પણ અસહ્ય બનાવી દીધો છે.

'નો વન કિલ્ડ જેસિકા' જેવી ફિલ્મ બનાવીને દિગ્દર્શક રાજકુમાર ગુપ્તાએ આશાસ્પદ યુવાન દિગ્દર્શકોની યાદીમાં પોતાનું નામ નોંધાવ્યું હતું, પરન્તુ 'ઘનચક્કર' તેની ખૂબ જ નબળી વાર્તા અને ઘટનાઓ - પ્રસંગો વિનાની પટકથાને કારણે ડિઝાસ્ટર સાબિત થાય એવું અનુમાન કરી શકાય છે. અનુરાગ કશ્યપ જેવા દિગ્દર્શક સાથે 'બ્લેક ફ્રાઇડે' (૨૦૦૭) અને 'નો-સ્મોકિંગ' જેવી ફિલ્મોમાં સહાયક તરીકે અનુભવ લીધા પછી વર્ષ-૨૦૦૮માં 'આમીર' ફિલ્મથી સ્વતંત્ર દિગ્દર્શક બનેલા રાજકુમાર ગુપ્તાની આ ત્રીજી ફિલ્મ છે. માત્ર વિદ્યા બાલન જેવી અભિનેત્રી અને યુટીવી મોશન પિક્ચર્સ જેવા મોટા બેનરનું પીઠબળ પુરતું નથી. ફિલ્મની વાર્તા અને પટકથા ફિલ્મનો પ્રાણ છે એ ઘનચક્કર નિર્માતાઓ અને દિગ્દર્શકો એ સમજવું જોઇએ.

'ઘનચક્કર' ના ગીત-સંગીતમાં પણ કંઇ ઠેકાણા નથી. 'દેવ-ડી' (વર્ષ ૨૦૦૯) થી ફિલ્મ સંગીતમાં નોંધપાત્ર રીતે ઉભરી આવેલા યુવાન સંગીતકાર અમિત ત્રિવેદી અને મિત્ર-ગીતકાર અમિતાભ ભટ્ટાચાર્યએ લખેલા ગીતોમાં કોઇ જ વિશેષતા કે નાવીન્ય નથી. ઑફબીટ સંગીત હંમેશાં પોપ્યુલર થાય એવો ભ્રમ પણ 'ઘનચક્કર' ભાંગી નાખશે. 'વેક અપ સિડ' માં 'ઇકતારા...' જેવું કર્ણપ્રિય ગીત આપનાર અમિત ત્રિવેદીને 'દેવ-ડી' ના સંગીત માટે નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો છે. પણ આ સંગીતકારે 'ઘનચક્કર' માં તો વેઠ જ ઉતારી છે. અમિત ત્રિવેદી અને અમિતાભ ભટ્ટાચાર્યની જોડીને આપણે આગામી અઠવાડિયામાં 'લૂટેરા' માં પણ માણવાની છે... માણવાની કે સહન કરવાની તે તો આગામી દિવસોમાં જ ખબર પડશે.

ફિલ્મના ટેકનીકલ પાસાઓમાં પણ કંઇ વિશેષતા નથી. સેતુની સિનેમેટોગ્રાફી અને આરતી બજાજનું એડીટીંગ સામાન્ય - ફિલ્મની જરૂરિયાત પ્રમાણેનું છે. આખી ફિલ્મ 'ઘનચક્કર'ના ઘરમાંથી બહાર જ નથી નિકળતી એટલે સેતુ જેવા સિનેમેટોગ્રાફરને પણ મર્યાદા આવી જાય. છતાં ટ્રેનના દૃશ્યો અને બેન્ક રોબરીના દૃશ્યોમાં તેમના કેમેરા વર્કથી સારી ઉત્તેજના ઊભી થઇ શકી છે.

ફિલ્મ નિર્માતાઓ હવે ફિલ્મ નિર્માણના ખર્ચમાં મોટો કાપ મુકતા થયા છે. ઓછા બજેટવાળી ફિલ્મોનો મોટો પ્રચાર કરીને વધુ નફો મેળવવાનું નવું ગણિત ફિલ્મ નિર્માતામાં ચાલી રહ્યું છે.

યુટીવી મોશન પિક્ચર્સ જેવી મોટી કંપનીનું આ ગણિત 'ઘનચક્કર'માં ઊંધું પડી ગયું છે. પ્રચાર - પ્રસારના ઢોલ સાંભળીને વિદ્યા બાલનના નામે સિનેમા બોલ સુધી ખેંચાઇ આવેલા પ્રેક્ષક ઘનચક્કર ઇમરાન હાશ્મીની જેમ ઘનચક્કર ઠરે છે ત્યારે સાલું લાગી આવે છે...

કોઇ વાર્તા વિના કે પ્રસંગો કે ઘટના વિના એક જ વાતને પ્રેક્ષક ચ્યુઇંગ ગમની માફક કયાં સુધી ચગડાળ્યા કરે...? કોમેડીના નામે થ્રીલરની સેળભેળ કયાં સુધી સહન કરવાની...? પ્રેક્ષકોની ધીરજ અને યાદદાસ્તની આટલી બધી કસોટી...!!! નિર્માતા, દિગ્દર્શક અને અભિનેતા ભલે 'ઘનચક્કર' હશે, તેઓ પ્રેક્ષકોને પણ ભલે 'ઘનચક્કર' સમજતા હશે, પરંતુ પ્રેક્ષકો તો 'ઘનચક્કર' નથી જ...!!!

કરાર પાલનની દરખાસ્તની અસ્વીકારની અસર અંગે સમજૂતી

ભાગ - ૨

ગત અંકમાં કરારના વિશેષ પાલનના હક્કો અને ફરજો તથા કરારકર્તાના ફક્કો અને ફરજોની સમજણ કરારના કાયદા - ૧૯૭૨ ની કલમ ૩૭-૩૮ મુજબ મેળવી હવે જો આવા કરારનો અસ્વીકાર કરવામાં આવે તો તેની કેવી અસર પડે તથા કાયકાકીય શું દાદ મેળવી શકાય તેનાં અંગેની જાણકારી મેળવીએ.

કલમ-૩૮ મુજબ કરારના પાલનની દરખાસ્તના અસ્વીકારની અસર મુજબ વચનદાતાઓ જયાં તેમનાં વચનના પાલનની દરખાસ્ત કરી હોય અને તેન સ્વીકારાઇ હોય ત્યાં વચનનું પાલન ન થાય તે માટે વચનદાતા જવાબદાર નથી. અને તેથી કરાર અંગેના પોતાના હક્કો તો ગુમાવતો નથી.

પક્ષકારોને વચનપાલનમાંથી કયારે મુક્તી મળશે તો જો આવું વચનપાલન જતું (Wave). કરવામાં આવ્યું હોય એટલે કે સમજૂતી કરાર કરીને છૂટકારો મેળવવામાં આવ્યો હોય તો અથવા કરારના કાયદાના ને અન્ય

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

કાયદાના પ્રબંધો નીચે તે કરાર પાલન કરવામાં માફ કરવામાં આવ્યું હોય અથવા કલમ-૫૬ હેઠલ સમાવિષ્ટ વિરૂદ્ધતાના સિદ્ધાંતને લીધે કરાર પાલનમાંથી છૂટકારો પ્રાપ્ત કરેલ હોય.

વચનદાતાનું મૃત્યુ કરારના પાલન પહેલા થાય તો તેના પ્રતિનિધિઓ પણ કરારના પાલન માટે બંધાયેલા છે. પરંતુ જો કરારમાંથી જ એ વિરૂદ્ધનો ઇરાદો જણાતો હશે તો તેઓ બંધાયેલા નથી.

કરારની ત્રણ બાબતો સ્પષ્ટ હોવી જોઇએ.

(૧) કરારનું પાલન બરોબર જ થવું જોઇએ.

(૨) તે માટે વચનદાતાના પ્રતિનિધિઓ પણ અમુક સંજોગોમાં જવાબદાર ઠરે છે.

(૩) અમુક સંજોગોમાં કરારમાંથી મુક્તી પણ મળશે વચનપાલનના સંબંધમાં પક્ષકારોનો ઇરાદો શો હતો તે કરારમાં વપરાયેલ શબ્દોમાંથી શોધી શકાય છે. કરાર પાલન માટે યથાર્થ અને નિશ્ચિત હોવું જોઇએ. 'જો' અને 'તો' વાળા કરારના પાલન કરી શકાય નહીં. ગેજેટમાં દર્શાવેલી શરતો અનુસાર જ વચન આપવાનો કરાર કરારકર્તાએ કરેલ હોય તો તે પ્રમાણેનો જ માન આપવો જોઇએ. ઉતરતી ગુણવત્તા અગર નીચા જથ્થા વાળો માપ કરારર્તા ને મળે તો નુકશાન વળતર મેળવી શકે છે.

કરારનું પાલન 'યથાર્થ' અને નિશ્ચિત હોવું જોઇએ તેમ શબ્દશ વળગી રહેવાથી અથાય થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

મેં ચારધામ યાત્રાએ ગયેલા અને ચમત્કારીક રીતે બચી ગયેલા લોકોને શુભેચ્છાના પ્રતિકરૂપે શાબ્દિક રીતે સત્કારવા ''તાર'' કરવાનો વિચાર કર્યો ! કારણ કે જેમ આ 'તાર' છેલ્લા હશે તેવી જ રીતે આ ચારધામ યાત્રા પણ તેમના માટે કદાચ છેલ્લી સાબિત થઇ હોત!

"અચ્છા તો હમ ચલતે હૈં!" આવું અમે લખેલું વાક્ય વાંચીને અમારા મિત્ર ગમે તે સમજ્યા હોય પરંતુ તેમનાથી બોલાઇ જવાયું - "હાશ, છૂટ્યા!" હકીકત ટેલીગ્રાફ ઓફીસની 'ટેલીગ્રામ' સેવા અંગે આ લખાયું છે! ભવિષ્યમાં તે સેવા મુક્તિધામ તરફ પ્રયાણ કરશે!

પ્રથમ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ ૧૮૫૭ આસપાસમાં શરૂ થયેલી આ સેવા ટૂંક સમયમાં બંધ થઇ જવાની છે! હવે ચાલો જોઇએ Flash Back

'ટેલીગ્રાફ - તાર' નો પણ એક જમાનો હતો - એક દબદબો હતો! કોઇને ત્યાં તાર આવે એટલે ઘરની બધી જ વ્યક્તિઓ તેમજ આસપાસના આડોશી પાડોશી પણ ભેગા થઇ જતા!

જાત જાતના તર્ક-વિતર્ક ચાલે! ઘરના માણસોના જીવ ઊંચા થઇ જાય! તાર વાંચ્યા પછી સારા સમાચાર હોય તો જીવ પાછા પોતાના સ્થાને આવી જાય અને જો ખરાબ સમાચાર હોય તો જીવ તો ઉંચે હોય જ પરંતુ શ્વાસ પણ અદ્ધર થઇ જાય!

ટેલીગ્રાફ ઓફીસના કર્મચારીને નાનકડા ટોચ ટાઇપના સાધન પર માં 'MORSE' કોડ દ્વારા ટીક ટીક... ટીક ટીક ટીક... એ રીતે ટેલીગ્રાફિક મેસેજ મોકલતા જોઇને તેના પ્રત્યે માનની લાગણીથી જોવાઇ જવાતું! તે સમયે જો કોઇ તેને ડીસ્ટર્બ કરે તો આ 'ટીક ટીક'ની ભાષામાં અર્થના અનર્થ થઇ જાય!

એક વખત એવું બન્યું કે આવા કોઇ ઓપરેટરને તેના કામ દરમિયાન તેના કોઇ પરિચિત મળવા આવ્યાં! પરિચિત સાથેની વાતચીતમાં તાર મોકલવામાં ગોટાળો થયો! તેમાં થયું એવું કે મેસેજ મોકલવો હતો -

"તમારો પુત્ર બારમાં ધોરણમાં બહુ જ સારા માર્કસે પાસ થયો છે!"

પરંતુ ભૂલથી મેસેજ મોકલાઇ ગયો કે - "તમારો પુત્ર બારમાં ધોરણમાં બહુ જ સારા માર્કસે 'નાપાસ' થયો છે!" તાર મેળવનારા પણ નવાઇ પામ્યા કે 'નાપાસ' ના કોઇ દિવસ 'તાર' હોય?! વળી સારા માર્કસે 'નાપાસ' થવાય?! એ પેટા પ્રશ્ન ઉભો થાય! 'તાર' કરનારની બુદ્ધિ અંગે પણ મનમાં શંકાના વાદળો ઘેરાય!

આ રીતે એક કામ કરતાં કરતા બીજા કામ પણ કરવા બેસીએ ત્યારે આવા ગોટાળા સર્જાય!

કાર ચલાવતાં ચલાવતાં મોબાઇલ પર વાત કરીએ તો ક્યારેક કાં તો વાતચીતમાં ગોટાળા થાય અને નહીં તો ડ્રાઇવીંગમાં અકસ્માત થવાની શક્યતા વધી જાય! જો કે મૈસૂરના ટીપુ સુલતાનની વાત અલગ હતી! કારણ કે તે એક સાથે અઢાર કામ કરી શકતો હતો!

હવે મૂળ વાત પર આવીએ તો તાર દ્વારા મોકલાતા મેસેજમાં ઓછામાં ઓછા શબ્દોમાં સામેવાળાને મેસેજ સમજાઇ જવો જોઇએ! તેથી અગાઉના સમયમાં ગામમાં એવા માણસો પણ હોય જેઓ આ કામમાં EXPERT હોય અને ગામના લોકો

હળવાશની ક્ષણોમાં !

અચ્છા તો હમ ચલતે હૈં !

- ચિત્રસેન શાહ

તેમની પાસે તાર લખાવવા જાય! વળી તારમાં બે વાક્યોને અલગ કરવા '.' નહીં પણ (STOP) લખાય! ઘણા વર્ષો પહેલા લાલુ પ્રસાદ યાદવને તેના ૧૧મા સંતાનના જન્મ પ્રસંગે કોઇએ ટેલીગ્રામ મોકલ્યો હતો -

'Congratulations (STOP) But Now STOP !

પાછળથી જાણવા મળ્યું હતું કે આ ટેલીગ્રામ તેના દશમા સંતાને કર્યો હતો! વર્ષો પહેલાં જયારે સુરૈયા અને દેવઆનંદ 'ગળાડૂબ' પ્રેમમાં હતા ત્યારે કોઇએ દેવઆનંદને ટેલીગ્રામ કરેલો -

"આજા ડોકટર દેવઆનંદ સુરૈયા બિમાર હૈ!"

આ થઇ ભૂતકાળની વાતો!

હવે "ટેલીગ્રામ" સેવા જ 'ભૂતકાળ' બની જાય તે પહેલાં એક છેલ્લો 'તાર' કરવાની અમને ઇચ્છા થઇ!

કદાચ છેલ્લા તાર કરવાવાળા તરીકે અમે ઇતિહાસમાં અમર બની જઇએ. - એ આશાએ! ભવિષ્યમાં કદાચ "વીર તાર કરવાવાળા!" એ નામનું ગુજરાતી પિક્ચર પણ બની શકે! (વીર માંગડાવાળો - ની જેમ!)

આવો વિચાર કરી અમે ટેલીગ્રાફ ઓફીસે જવા ઉપડ્યા!

રસ્તામાં ઘણા જાહેર સ્થળોએ તેમજ ઠેકઠેકાણે "બેન્ચીસ" જોયા!

ઘણી સ્વયંસેવી સંસ્થઆઓએ બીજા અનેક સેવાકીય કાર્યોની સાથે સાથે દાતાઓના સહયોગથી અનેક જગ્યાએ બેન્ચ મૂકાવડાવ્યા છે. હવે આમાં થયું છે એવું કે બેન્ચીસની સંખ્યા બેસનારા કરતાં પ્રમાણમાં વધી ગઇ છે! તેથી ઘણીવાર તો 'વટે માર્ગુઓ'ને 'ભાઇ-બાપા (!) કરીને બેન્ચ પર બેસાડવા પડે છે!'

ટેલીગ્રાફ ઓફીસે જતી વખતે રસ્તામાં મને પણ એક સ્વયંસેવકે કહ્યું - "અંકલ, આપ થાકી ગયા હશો! અહીં પાંચેક મિનિટ બેસીને જાઓ!" આ રીતે સ્વયંસેવકોનો આભાર માનતો માનતો અને બેન્ચ પર બેસતાં બેસતાં હું પહોંચ્યો ટેલીગ્રાફ ઓફીસે!

(જેમ ઘણા ભક્તિજનો લેટતાં લેટતાં અંબાજી પહોંચે છે તે જ રીતે!)

ટેલીગ્રાફ ઓફિસે પહોંચીને મેં ચારધામ યાત્રાએ ગયેલા અને ચમત્કારીક રીતે બચી ગયેલા લોકોને શુભેચ્છાના પ્રતિકરૂપે શાબ્દિક રીતે સત્કારવા "તાર" કરવાનો વિચાર કર્યો! કારણ કે જેમ આ 'તાર' છેલ્લા હશે તેવી જ રીતે આ ચારધામ યાત્રા પણ તેમના માટે કદાચ છેલ્લી સાબિત થઇ હોત!

બચી ગયેલા લોકો યમરાજાને એકદમ નજીકથી

જોઇને (લગભગ Shake hands કરીને!) પાછા આવ્યા છે!

દુનિયાને લગભગ "અલવિદા" કહેવાની અને કરવાની તૈયારીમાં જ હશે અને ત્યાં જ તેમને આર્મીના ઝાંબાઝ જવાનો રૂપી 'રામ' મળી ગયા હશે!

'રામ રાખે તેને કોણ ચાખે' તે આનું નામ!

એટલે ચાલો તેમને છેલ્લો ટેલીગ્રામ આ રીતે કરીએ -

"કભી અલવિદા ના કહેના,
કભી અલવિદા ના કહેના!"